
માર્થા એનની રજાઈ
મહારાણી વિક્ટોરિયા માટે



કૈરા હિક્સ
ચિત્ર: લી એડવર્ડ ફ્રોડી

માર્થા એનની રજાઈ
મહારાણી વિક્ટોરિયા માટે



કૈરા હિક્સ
ચિત્ર: લી એડવર્ડ ફ્રોડી

માર્થા એનને ઘરનું એક કાર્ય બહુ ગમતું હતું. એ કાર્ય હતું એના પાપાના પૈસા ટીનના એક જૂના લાલ ડબ્બામાં રાખવાનું. માર્થા એન એક ગુલામ હતી. એના પિતા, જ્યોર્જ અરસ્કિન, સ્વતંત્ર વ્યક્તિ હતા અને ભ્રમણશીલ પ્રચારક હતા. દર રવિવારે, પ્રવચન પછી, પરિવારને ગુલામીમાંથી મુક્ત કરવાનું પ્રવચન સાંભળવા આવેલા લોકો પાસેથી પૈસા ઉઘરાવવામાં આવતા હતા. જયારે પાપા ઘરે આવતા ત્યારે માઁ પૈસા ગણતી અને માર્થા એન એ પૈસા ટીનના લાલ ડબ્બામાં નાખી દેતી.




માર્થા એનનો જન્મ 1817 માં, પૂર્વ ટેનેસીમાં સ્થિત ડોહર્ટી વાડીમાં થયો હતો. પ્રથા પ્રમાણે, એક દાસ કોઈ પગાર લીધા વગર, દિવસના ઘણા કલાક એકધારું કામ કરતો હતો. દાસના બાળકોને સ્કૂલ જવાની અનુમતિ ન હતી.



માર્થા એનને બે ભાઈ, વેલેસ અને વિઅર પણ ખેતરમાં કામ કરતા હતા. એની મોટી બહેનો, જેન અને મેરી, ઘરના કાર્યોમાં માઁ ની સહાયતા કરતી હતી. માર્થા એન એના નાના ભાઈ હોપકિન્સ, અને નાની બહેન સારા ની દેખભાળ કરવામાં દાદીની મદદ કરતી હતી.

એક રવિવારે એના પિતા ખુબ ઉત્સાહમાં ઘરે આવ્યા કારણકે એને એક એવી સંસ્થા વિષે ખબર પડી હતી જે અશ્વેત લોકોને આફ્રિકામાં સ્થિત લાઈબીરિયામાં એનું નવું જીવન શરુ કરવામાં મદદ કરતી હતી.




"લાઈબીરિયામાં બધા બાળકો સ્કૂલમાં જાય છે," પાપાએ પરિવારને કહ્યું.

"શું હું પણ સ્કૂલ જઈને લખતા-વાંચતા શીખી શકીશ?" માર્થા એને પૂછ્યું.

"હા, તું પણ સ્કૂલ જઈ શકીશ," પાપાએ કહ્યું, "અમને તારા પર ગર્વ થશે."

હવે માર્થા એન બહુ ઉતાવળથી ટીનના જૂના લાલ ડબ્બામાં પૈસાની વૃદ્ધિ થવાની રાહ જોવા લાગી.



માર્થા એનની આયુ બાર વર્ષની હતી જયારે પાપાએ પરિવારની સ્વતંત્રતા ખરીદવાના 2400 ડોલર આખરે ભેગા કરી લીધા.

"આપણે લાઈબીરિયા જઈ રહ્યા છીએ!" પાપાએ ઊંચા અવાજે કહ્યું.

માર્થા એન ખુશીથી નાચવા લાગી.

"હું સ્કૂલમાં જઈશ!"





માર્થા એન અને એનો પરિવાર 1830 માં લાઈબીરિયા જવાના સમુદ્રી જહાજમાં સવાર થઈ ગયા. અમેરિકન કોલોનાઈઝેશન સંસ્થા એ એને લાઈબીરિયામાં જમીન આપી, જ્યાં એણે એનું ઘર બનાવ્યું અને ખેતી કરવા લાગ્યા.

લાઈબીરિયામાં બધા બાળકો સ્કૂલ જઈ શકતા હતા. જીવનમાં પહેલી વાર માર્થા એન એક સ્કૂલમાં ગઈ અને આતુરતાથી ભણવા લાગી.

ઘરે એની માઁ એને અને એની બહેનોને કાપડ કાતરવાનું, સોઈ પરોવવાનું અને સીવણકામ કરવાનું શીખવાડવા લાગી. માઁ એ છોકરીઓને કપડાં સીવવાનું અને રજાઈ બનાવવાનું પણ શીખવાડયું.

"માઁ, એક દિવસ હું પણ તમારી જેમ કપડાંની સિલાઈ કરવામાં નિપુણ થઈ જઈશ!" માર્થા એને ઘોષણા કરી.

"હા, તું જરૂર નિપુણ થઈ જઈશ," માઁ એ કહ્યું, "અમને તારા પર ગર્વ થશે."






પણ થોડા સમયમાં દુર્દશા બેઠી. આખા નગરમાં આફ્રિકન જ્વર ફેલાઈ ગયો. એ બીમારીથી માર્થા એનના પિતા, માઁ અને બહેનો મૃત્યુ પામ્યા. દાદી અને વિઅર પણ મૃત્યુ પામ્યા. માર્થા એન ઘણા દિવસો સુધી રડતી રહી કારણકે એ બધાથી વિખુટા પડવું એ સહી શકતી ન હતી. સૌથી મોટા ભાઈ વેલેસે માર્થા એન અને હોપકિન્સને એની ભુજાઓમાં ભરી લીધા.

"શું તું અમેરિકા પાછી જવા ચાહે છે?" વેલેસે પૂછ્યું.

"નહીં," એણે કંપતા અવાજે કહ્યું. "હું અહીં જ રહેવા ચાહું છું. હું સ્કૂલ જવા ચાહું છું, હું ચાહું છું કે માઁ અને પાપા મારા પર ગર્વ કરે."




માર્થા એન મોટી થઈ અને એના લગ્ન સાયન હેરિસ સાથે થયા. એક દિવસ એણે એક સમાચાર પત્ર, લાઈબીરિયન હેરલ્ડમાં, ઇંગ્લેન્ડની નવી રાણી વિક્ટોરિયા વિષે સમાચાર વાંચ્યા. માર્થા એનને લાગ્યું કે રાણી બહુ આકર્ષક દેખાતી હતી.

માર્થા એન દર અઠવાડિયે પગે ચાલીને સાયન સાથે બજાર જતી હતી. એ પેલા બ્રિટિશ જહાજોને જોતી હતી જે લાઈબીરિયાના સમુદ્ર તટ પર પહેરો ભરતા હતા અને એવા લોકોને રોકતા હતા જે આફ્રિકાના અશ્વેત લોકોને પકડીને કેદ કરી લેતા હતા અને એને દાસ બનાવીને વેંચતા હતા. માર્થા એન ફરી દાસ બનીને, વેતન વગર, કલાકો સુધી કામ કરવા ચાહતી ન હતી. એના મનમાં રાણી વિક્ટોરિયા માટે બહુ શ્રદ્ધા હતી કારણકે રાણીએ નૌકાદળ મોકલીને એને અને બીજા ઘણા લોકોને દાસ બનતા બચાવ્યા હતા.


"સાયન, હું જાણું છું કે માઁ અને પાપાને કેવી રીતે ગૌરવાન્વિત કરી શકું છું," એણે કહ્યું. "રાણી વિક્ટોરિયા આપણી સાચી મૈત્રિણી છે. એ દયાળુ છે અને આપણી રક્ષા કરી રહ્યા છે, એના માટે હું એનો આભાર માનવા ચાહું છું. હું પોતે મળીને એનો રૂબરૂ આભાર માનીશ."


"એને મળીને?" સાયને આશ્ચર્યથી પૂછ્યું. "ઇંગ્લેન્ડ અહીંથી 3500 માઈલ દૂર છે. તું ત્યાં કેવી રીતે પહોંચીશ, અને રાણીને કેવી રીતે મળીશ?"

"હું કોઈને કોઈ રસ્તો શોધીશ," એણે વિશ્વાસથી કહ્યું.




માર્થા એને યાદ કર્યું કે પોતાના પરિવારને ગુલામીમાંથી મુક્ત કરવા એના પાપા કેવી રીતે પૈસા ભેગા કરતા હતા. એ દિવસે સાંજના સમયે એણે પાપાનો ટીનનો જૂનો લાલ ડબ્બો શોધી કાઢ્યો, અને રાણી વિક્ટોરિયાને મળવા માટે જે યાત્રા એણે ભવિષ્યમાં કરવાની હતી, એ માટે થોડા પૈસા ડબ્બામાં નાખી દીધા.





માર્થા એન એ મિશન સ્કૂલમાં ભણાવતી હતી જ્યાં સાયન પણ કામ કરતો હતો.



એક વહેલી સવારે ગોટોરાહ નામના એક આફ્રિકન સરદારે અને એના ત્રણસો માણસોએ મિશનને ઘેરી લીધું.

એમની યુદ્ધ ઘોષણાએ મિશનમાં સૂઈ રહેલા માર્થા એન, સાયન અને એના મિત્રોને ઊંઘમાંથી જગાડયા. ગોટોરાહ અને એના માણસો મિશનની ઇમારત અને ભૂમિ પર ગોળીઓ ચલાવવા લાગ્યા. એ ગોળીબારથી માર્થા એન ભયભીત થઈ ગઈ. એ બધાની સુરક્ષા માટે પ્રાર્થના કરવા લાગી. એણે જલ્દીથી ટીનનો લાલ ડબ્બો, જેમાં એણે એની બચતના પૈસા જમા કર્યા હતા, ઉઠાવ્યો અને લાકડાની ભોંય નીચે છુપાવી દીધો.

સાયન અને એના મિત્રોએ મિશનની બારીઓમાંથી પોતાની બંદૂકોથી ગોળીઓ ચલાવી. માર્થા એન બહાદુરીથી બંદૂકોમાં ગોળીઓ ભરવા લાગી. જ્યાં સુધી સાયને ગોટોરાહને પોતાની બંદૂકની ગોળીથી માર્યો નહીં, ત્યાં સુધી ગોળીબાર થતા રહ્યા. ગોટોરાહના સાથી ગભરાઈને ત્યાંથી ભાગી ગયા.

સાયને માર્થા એનને બાથમાં ભીડી અને કહ્યું, "હવે આપણે સુરક્ષિત છીએ."







માર્થા એન અને સાયન મિશન છોડીને એના ફાર્મ પર આવીને રહેવા લાગ્યા. એ બજારમાં એના શાકભાજી વેંચતા હતા. માર્થા એન બચેલા સિક્કા ટીનના લાલ ડબ્બામાં ભેગા કરતી હતી.

જયારે સાયનનું અચાનક મૃત્યુ થઈ ગયું, તો માર્થા એન બહુ રડી. એ ઘણા વર્ષો સુધી એકલી રહી. પછી એ હેન્રી રિક્સને મળી જે વિધુર હતો. એના ત્રણ દીકરા પણ હતા. એણે હેન્રી સાથે લગ્ન કરી લીધા. હેન્રીનું ફાર્મ ક્લે-એશલેન્ડ માં હતું જ્યાં એ કોફી, આદુ અને કપાસની ખેતી કરતો હતો.

માર્થા એન હેન્રીના કપાસમાંથી કાપડ વણતી હતી. પરિવારની અને પોતાની આવક વધારવા માટે એ કપડાં પણ સીવતી હતી. સિલાઈ કામમાં એ એની માઁ ની જેમ જ નિપુણ થઈ ગઈ હતી. માર્થા એન એના ટીનના લાલ ડબ્બામાં બચેલા સિક્કા નાખતી રહી.




"માર્થા એન, જયારે તું રાણી વિક્ટોરિયાને મળીશ," હેન્રીએ હસીને મજાકમાં પૂછ્યું, "તો રાણીને આપવા માટે કોઈ ઉપહાર પણ નથી!"

હેન્રીની મજાકથી માર્થા એન દુઃખી થઈ ગઈ. હેન્રી માર્થા એનને પ્રેમ કરતો હતો પણ એ કલ્પના પણ કરી શકતો ન હતો કે માર્થા એન ક્યારેય રાણી વિક્ટોરિયાને મળી શકશે.

"હેન્રી, રાણી વિક્ટોરિયાની દયા માટે હું એની કદર કરું છું. તું જોઈ લેજે," માર્થા એને દ્રઢતાથી કહ્યું, "એનો આભાર માનવા હું એક દિવસ એને જરૂર મળીશ અને એને આપવા માટે મારી પાસે એક ઉપહાર પણ હશે."





રાણી માટે યોગ્ય ઉપહાર વિષે વિચારવામાં માર્થા એને ઘણા અઠવાડિયા વિતાવ્યા. એણે નિર્ણય કર્યો કે એ એક સુંદર રજાઈ સીવશે જેમ એની માઁ એ એને શીખવાડયું હતું. એણે એના ફાર્મને જોયો અને રજાઈ પર ડિઝાઇન બનાવવા માટે હેન્રીના કોફીનો એક છોડ પસંદ કર્યો. હવે રોજ રાતે એ કપડાના ટૂકડાને સીવીને રજાઈ બનાવવા લાગી.



રાણી વિક્ટોરિયાને મળવાના માર્થા એનના સપના વિષે, અને એ જે રજાઈ સીવી રહી હતી, એના વિષે નગરના બધા લોકો જાણતા હતા. દોરડા ફૂદતી વખતે બાળકો એને ચીડવવા ગાતા હતા:

માર્થા કાકી જઈને મળશે રાણીને


સીવી રહી છે રજાઈ પર કોફીના બીજ

પણ બીજ માટે કેટલા ટાંકા લેવા પડશે?

બે-ચાર-છ-આઠ-હા-હા-હા!

ઘણા વર્ષો વીત્યા. હેન્રી બુઢ્ઢો થઈ ગયો અને એક દિવસ એનું મૃત્યુ થયું. માર્થા એન પોતે પણ વૃદ્ધ થઈ ગઈ હતી. પણ માઁ અને પાપાને ગૌરવાન્વિત કરવાના એના નિશ્ચયમાં દ્રઢ હતી. માર્થા એને પાપાના જૂના લાલ ટીનના ડબ્બામાં જમા કરેલા પૈસા ગણ્યા. "હે ભગવાન!" એણે ખુશીથી ચીસ પાડી. આખરે એની પાસે ઇંગ્લેન્ડની યાત્રા કરવા માટે પૂરતા પૈસા જમા થઈ ગયા હતા.

"પણ હું રાણીને કેવી રીતે મળી શકીશ?" એણે સ્વયંને સવાલ કર્યો.




એક દિવસ માર્થા એનને મળવા અનપેક્ષિત મુલાકાતી આવ્યા - એ હતા મિસિસ જેન રોબર્ટસ, લાઈબીરિયાના પ્રથમ રાષ્ટ્રપતિ જોસફ રોબર્ટસના પત્ની.

"મેં સાંભળ્યું છે કે તું રાણી વિક્ટોરિયા માટે એક અદ્ભૂત રજાઈ સીવી રહી છે? શું હું એ રજાઈ જોઈ શકું છું?" મિસિસ રોબર્ટસે પૂછ્યું.

માર્થા એને રજાઈ ખોલીને બતાવી. એના ઉપર કપડાંની બનાવેલી સેંકડો લીલી પાંદડીઓ અને ડઝનબંધ કોફીના લાલ બીજ સીવેલા હતા.

"આ તો ઉત્કૃષ્ટ છે!" મિસિસ રોબર્ટસે કહ્યું. "રાણી વિક્ટોરિયાને મળવા માટે હું તારી સહાયતા કરીશ."

મિસિસ રોબર્ટસે લન્ડન સ્થિત લાઈબીરિયાના રાજદૂત, ડોક્ટર એડવર્ડસ બ્લાઈડનને પત્ર લખ્યો અને કહ્યું કે રાણી વિક્ટોરિયાને મળવા માટે માર્થા એનની સહાયતા કરે. ડોક્ટર બ્લાઇડને તરત ઉત્તર આપ્યો.





વર્ષો સુધી માર્થા એનની મજાક ઉડાવવાવાળા અને ચીડવવાવાળા નગરવાસી આશ્ચર્યથી જોતા રહ્યા જ્યારે 76 વર્ષની માર્થા એન, હાથમાં એની રજાઈ પકડીને, ઇંગ્લેન્ડ જવાવાળા જહાજમાં સવાર થઈ.

ડોક્ટર બ્લાઇડને રાણીને પત્ર લખીને નિવેદન કર્યું કે એ માર્થા એનને મળવાની અનુમતિ આપે. લન્ડન ટાઇમ્સે એક લેખમાં લખ્યું કે કેવી રીતે માર્થા એન, રાણીને મળવા માટે, પચાસ વર્ષોથી થોડા-થોડા પૈસા બચાવીને ભેગા કરતી હતી. લેખ વાંચીને લન્ડનવાસીઓએ માર્થા એનને સમર્થન આપ્યું. ટૂંક સમયમાં એક ટેલિગ્રામ આવ્યો.

"રાણી વિક્ટોરિયાનો આદેશ,

મિસિસ માર્થા એન રિક્સ અને અન્ય મહેમાનોને સ્વાગત સમારોહમાં ભાગ લેવા માટે 16 જુલાઈ 1892 ના દિવસે વિન્ડસર કેસલમાં આમંત્રિત કરવામાં આવે છે."





જે દિવસનું માર્થા એન વર્ષોથી સપનું જોઈ રહી હતી એ દિવસ આવી ગયો હતો. એ ઉત્સુકતાથી એક રૂમમાં પ્રતીક્ષા કરી રહી હતી, ત્યાં એક દરવાજો ખુલ્યો. વિક્ટોરિયા, બ્રિટનની રાણી અને ભારતની મહારાણી, એ પ્રવેશ કર્યો.




માર્થા એન એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ કે એની પાછળ રાજકુમાર એડવર્ડ પણ એના પરિવાર સાથે અંદર આવ્યા.

માર્થા એને ઝૂકીને રાણીનું અભિવાદન કર્યું અને રાણી સાથે હાથ મિલાવ્યા.

"મહામહિમ, તમે લાઈબીરિયાના લોકોના વિશેષ મિત્ર છો," માર્થા એને કહ્યું. "મારી પાસે કોઈ મૂલ્યવાન ઉપહાર નથી પણ મને આશા છે કે તમને મારી ભેટ પસંદ આવશે." બે સેવકોએ કોફીના છોડવાળી રજાઈ ખોલી.

"આ તો બહુ સુંદર છે!" રાણી વિક્ટોરિયાએ કહ્યું.

"બહુ જ અદ્ભૂત કૃતિ છે," રાજકુમાર એડવર્ડે સહમતી દર્શાવી.





"અમેરિકામાં તારા ગુલામીના જીવન વિષે મને જણાવ અને લાઈબીરિયામાં તારા સ્વતંત્ર જીવન વિષે પણ," રાણીએ વિનંતી કરી. બંને મહિલાઓએ ઘણીવાર સુધી વાતો કરી. પછી શાહી પરિવારને પાછા ફરવાનો સમય થયો.

"તારી સુંદર રજાઈ માટે આભાર," રાણી વિક્ટોરિયાએ કહ્યું. "સિલાઈકામમાં તું બહુ ચતુર છે."



જયારે મેરી એન લાઈબીરિયાથી પાછી ફરી તો ત્યાંના લોકોએ તાળીઓ પાડીને અને ઝંડા લહેરાવીને એનું સ્વાગત કર્યું. એક કૂચ કરતા બેન્ડે સ્વાગત ગીત વગાડયા. જે લોકો એની મજાક ઉડાવતા હતા એ જ લોકો આજે એનું સ્વાગત કરી રહ્યા હતા.



માર્થા એન એની યાત્રાથી બહુ ખુશ હતી. એના પાપાના ટીનના લાલ ડબ્બા પાસે એણે એ ઉપહાર રાખ્યા જે રાણીએ એને આપ્યા હતા.

"પાપા, માઁ, મને આશા છે કે તમે મારા પર ગર્વ કરી રહ્યા છો," એણે ધીમા અવાજે કહ્યું.



લેખકની નોંધ

રાણી વિક્ટોરિયા માટે બનાવેલી, માર્થા એનની કોફીના છોડવાળી રજાઈને બહુ ધૂમધામ સાથે આગલા વર્ષે શિકાગોમાં આયોજિત વિશ્વ કોલંબિયન પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવી. રોજ હજારો લોકોએ, એ રજાઈને જોઈને, એની પ્રશંસા કરી.

માર્થા એન અને એની પ્રિય રાણી વિક્ટોરિયાના અવસાન એક જ વર્ષે, 1901 માં, થયા.